Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧—પોષ. અંક ૬ ઠો.

## પ્રભુસ્તુતિ

અનાગારી થાતાં પણ સુખદ સાગારિ[૧] જનના,
નિરાકારી થાતાં પણ શિવદ સાકારિ[૨] જનના;
નિરા[૩]બાધી આપે પરમ સુખ સાબા[૪]ધિ જનને,
સદા પ્રેમે પૂજો પ્રતિદિન પ્રભુના સુતન[૫]ને. ૧

## ગુરૂસ્તુતિ.

### વસંતતિલકા.

જે તત્વના રસવિષે રસ મગ્ન થાતા,
સદ્બોધના રસવડે હૃદયે રસાતા;

૧ ગૃહસ્થ ૨ આકાર સહિત, ૩ બાધા—પીડા રહિત. ૪ બાધાપીડાએ સહિત. ૫ પ્રતિમાને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ દેશનામૃતવડે જનને ઊગારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ૧
જે અંતરેથી સઘળા મુનિ ધર્મ પાળે,
સ્વાધ્યાય ધ્યાન કરતાં નિજ કાળ ગાળે;
ધર્મેથી નિત્ય કરવા ઊપકાર ધારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ૨
જે શ્રાવકો થકી કદિ બહુ માન પામે,
વ્યાખ્યાનમાં જન ઘણા શ્રવણાર્થ જામે;
તોયે ન થાય વશ ગર્વ તણા વિકારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ૩
છે રમ્ય સુંદર ઉપાશ્રય આ અમારો,
આ છે ભલો પરમ શ્રાવક આ નઠારો;
એવા અયોગ્ય વચનો નહિ જે ઊચારે,
તેવા ગુરૂ ભવ તણા ભયને નિવારે. ૪
ઈર્ષ્યા અને ખટપટો કરી સંઘ સાથે,
જે સંઘમાં કલહને કરતાં સ્વહાથે;
એવો કદિ હૃદયમાં નહિ પક્ષ ધારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ૫
આછે મુનિ અવરનો નહિ તે અમારો,
તેનોજ આ પરમ શ્રાવક છે અમારો,
એવું કદિ હૃદયમાં નહિ જે વિચારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આછે કપાટવર[1] પુસ્તકના અમારા,
આ લેખની સરસ કજ્જલ[2] પાત્ર સારા,
એવા કુવાક્ય વહિ જે નહિ ધર્મ હારે,
તેવા ગુરૂ ભવતણા ભયને નિવારે. ७

તેવા ગુરૂ અવનિમાં હજુ હાથ આવે,
જેના ગુણો ભવિક સૌ ધરી ભાવ ગાવે;
છે પૂજ્ય આ જગતમાં પરિવાર એવો,
આરામ[3] જ્યાં પરમ આત્મ તણોજ તેવો. ८

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૧૧ થી ચાલુ. )

## પ્રકરણ ૫ મું.

**मोहः सर्वंकषः प्रायो वनितानां विशेषतः ।**

### શેઠાણીયતનાનો પુત્ર મોહ.

અમૃતચંદ્ર શેઠ ઉપાશ્રયે ગયા પછી શેઠાણી યતના ઉપર પુત્રના મોહે સજ્જડ ચડાઇ કરી એ શ્રાવિકા રત્નનું હૃદય આર્હત ધર્મમાં પૂર્ણ શ્રદ્ધાવાળું, દેવ, ગુરૂ અને ધર્મના પવિત્ર માહાત્મ્યને જાણનારૂં અને સમ્યક્ત્વની શોભાથી અલંકૃત હતું, તથાપિ મોહના મલિન સંસ્કારથી તે વ્યામોહ થઈગયું. તેના મોહમલિન હૃદયમાં એવો વિચાર આવ્યો કે, મારા ચિંતામણિને કોણે ભમાવ્યો હશે? તેની

૧ ઉત્તમ. ૨ ખડીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવાસક્ત ભાવનાને કોણે શિથિલ કરી હશે? રખે કોઈ મુનિનો હાથ તો નહીં હોય? મહા મુનિ વિમલવિજય વિષે તેવી શંકા કરવી ઘટિત નથી. એ મહાશયની વૃત્તિ દયાળુ છે. તેઓ પોતાના અગાધ બોધથી મોહદશાનું સ્વરૂપ અને તીર્થસ્વરૂપ માતા પિતા પ્રત્યે પુત્રની ફરજ સારી રીતે સમજે છે. તેવા મહોપકારી અને દયાળુ મુનીશ્વર મારા એકના એક પુત્ર ચિંતામણિને દીક્ષા માટે નસાડી મુકે, એ સંભવતું નથી. એ મહામુનિ વલ્લભિપુરમાં રહી અમારી સ્થિતિ જાણી ગયા છે. અમારા ધાર્મિક કુટુંબ ઉપર તેમની દયામય દ્રષ્ટિમાંથી સર્વદા અમૃતની શીતલધારા નીકલે છે. વખતે બીજી એક શંકા આવે છે કે, એ મહામુનિની દેશના ગમે તેવા મોહોપાસક અને ભવાસકત પુરૂષના હૃદયને આર્દ્ર કરે તેવી છે, તેથી રખેને તેની અસર ચિંતામણિના હૃદયમાં થઇ હોય, અને તેથીજ તે આ અસાર સંસારના મોહ પાશમાંથી મુકત થવા ચાલ્યો ગયો હોય, તો સંભવિત છે. થોડા માસ થયા તેની મનોવૃત્તિમાં કેટલાક ફેરફારો જોવામાં આવતા હતા. ઘણીવાર સાંસારિક વસ્તુ તરફ તે તિરસ્કાર બતાવતો હતો. ભોજન વખતે સ્વાદિષ્ટ વસ્તુઓ ઉપર તેની અપ્રીતિ જોવામાં આવતી હતી. તે શિવાય તેની બીજી ચેષ્ટાઓ એવી લાગતી કે જાણે તેને સંસાર ઉપર અભાવ થયો હોય, કામ ક્રોધાદિ અંતર શત્રુઓના સહવાસમાંથી તે દૂર થવા માગતો હોય, આવી સુખદાયક ગૃહ સંપત્તિ તેને કારાગૃહ સમાન લાગતી હોય, અને તેની મનોહારિણી પ્રિયા વિમલાપણ બંધન રૂપ હોય તેમ તે ગણતો હતો.

આ પ્રમાણે મોહના ચપલ તરંગમાં યતના ઊહાપોહ કરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, તેવામાં તેની પાસે પુત્રવધૂ વિમલા આવી ચડી. પૂર્ણ ચંદ્રને જોતાં સમુદ્રની જેમ વિમલાને જોતાંજ તેનો મોહ સાગર વિશેષ ઊછળવા લાગ્યો. પોતાના ગૃહનો અલંકાર અને હજુ મુગ્ધવયમાંથી મુકત થયેલી સુંદર વિમલાએ તેના મોહિત હૃદયમાં વિશેષ ક્ષોભ ઉત્પન્ન કર્યો. યતના વિમલાને ભેટી ગદ્ ગદ્ સ્વરે બોલી; વત્સે, તારી મનોહર મૂર્તિ જોઇ મને વશેષ શોક થાય છે. ચિંતામણિના વિરહથી પીડિત પુત્રવધૂ જોવા મને દૈવે કેમ જીવતી રાખી? હવે દુઃખાગાર, કારાગૃહ રૂપ ગૃહમાંથી મુકત થવા મારી ઈચ્છા થાય છે. તે ઇચ્છા કર્મના બલથી પરિપૂર્ણ થાઓ.

પોતાની સાસુની આવી મહાન્ મોહ દશા જોઈ ચતુર-વિમલા મધુર સ્વરે બોલી—માતા, આટલો બધો શોક શા માટે ધરો છો? તત્વથી વિચાર કરે. તમે કોના ગૃહિણી છો? આ વલ્લભીપુરમાં આપણું ઘર સર્વથી અધિક ધાર્મિક ગણાય છે. ગૃહલક્ષ્મી અને ધર્મ લક્ષ્મી બને આપણા પવિત્ર આંગણામાં નૃત્ય કરે છે. મારા પૂજ્ય સસરાજી અખા સૌરાષ્ટ્રમાં શ્રાવકોત્તમ કહેવાયછે. આપણી ઉપર પવત્ર મુનિઓના મુખચંદ્રમાંથી ધર્મલાભ રૂપ આશીષ સુધાનું સિંચન સર્વથા થયા કરેછે. જનની, આ લઘુપુત્રી આપને ઉપદેશ આપવાને યોગ્ય નથી, તથાપિ આપનો શોકોદ્ગાર શમાવવા રૂપ સેવા કરવા જે કંઇ કહું, તે ક્ષમા કરજો. આપના પુત્રની વૃત્તિ કેટલોક સમય થયા બદલાઈ હતી. તેમની આર્દ્ર મનોવૃત્તિમાં વૈરાગ્યની સજ્જડ મુદ્રા ઘણા દિવસ થયા પડી હોય, તેમ હું જોતી આવુંછું. માનવ જન્મને કૃતાર્થ કરનાર તમારા પુત્રના હૃદયમાં વૈરાગ્ય ભાવનાને ઉત્પન્ન કરનારી પરમ પવિત્ર મુનિ વિમલવિજયની દેશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ પરોપકારી, ગુરૂવર્ય બુદ્ધિપૂર્વક તેવી દેશના આપતા નથી પણ પોતાની પવિત્ર ફરજને લઇને સર્વદા તેવીજ દેશના આપે છે. તેમની ભવોદ્ધારણી દેશનાથી અનેક ભવિઓનો ભવોદ્ધાર થાય છે. માયાલુ માતા, તમને વિશેષ શું કહું, ? પણ તમારા પુત્રની વિલક્ષણ સ્થિતિ ઘણાં વખતથી મારા જોવામાં આવતી હતી. કોઇ વાર તેઓ રાત્રે જાગ્રત થઇ ઘણીઘણી ભવપ્રતિકુલ ભાવનાઓ ભાવતા હતા. એક વખતે તેઓ અગાશીમાં આવી જગતની અનિત્ય ભાવના ભાવતા અને જગતના કુદરતી પદાર્થો પાસેથી અનિત્યતાની શિક્ષા લેતા હતા, તેઓ એકલા એકલા નીચે પ્રમાણે પ્રલાપ કરતા હતા—

" અહા ! દીર્ઘ દ્રષ્ટિથી જોતાં સંસારી હરેક વસ્તુ પાણીના રેલાની જેમ વહી જતાં સમયને તેની ઉપયોગીતાની મહાન્ શિક્ષા આપે છે. સૂર્ય અનેકાનેક વર્ષ સુધી પ્રભાતે ઉદિત થઈ સાયંકાલે આ શ્યામ વર્ણી નભની છત ઉપર પોતાનું નિયમિત ભ્રમણ કરતો પશ્ચિમમાં અસ્ત થાય છે. એ આપણને ઉદયાસ્તનો કેવો ઉત્તમ બોધ આપે છે ? ચંદ્ર પ્રતિપદાથી પૂર્ણિમાં સુધી વધતો અને અમાવાસ્યા સુધી ઘટતો પોતાની ક્ષયવૃદ્ધિથી પ્રમાદી જનને કેવું સરસ ઉદાહરણ આપે છે ? વસંતાદિ ઋતુઓ પોતપોતાના કાર્યથી જગતના સ્થાવર પદાર્થોને વિકૃતિ આપી માનવ વયને ન્યૂન થવાની સાન કરી કેવો બોધ આપે છે ? વર્ષાનું ચપલ વાદલ વર્ષી વીખરાઇ જઇ સંસારની અસ્થિરતા જણાવે છે, તથાપિ મારા જેવા દૈવ દગ્ધ પુરૂષનું હૃદય બોધજળથી ભીંજાતું નથી. એ કેવી આશ્ચર્યની વાત ? અહા ! આવો જગતની અને ભવની અસ્થિરતાનો ચમત્કાર નજરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતાં પણ મને બોધ થતો નથી. હું આ ચપલ ગૃહ વૈભવમાં મોહ રાખી અદ્યાપિ પડી રહ્યો છું. પરિણામે દુઃખદાયક એવા પુદ્ગલિક સુખને હું પ્રધાન ગણું છું, એ કેવી મારી મૂર્ખતા ? આ માતા પિતા, આ ગૃહવૈભવ, આ વનિતા અને આ મારૂં વતન—એમ મમતામાં મગ્ન થઇ રહેલા આ ચિંતામણિને સહસ્રવાર ધિક્કાર છે.

હવે આ ઉપાધિરૂપ ભવનો અંત આવે એવો ઉપાય સત્વર લેવો જોઈએ. મુનીશ્વરની દેશના રૂપ દીપિકાએ મારા અજ્ઞાન અંધકારને દૂર કર્યું છે. નિરાગાર ધર્મનો મહામાર્ગ બતાવ્યો છે. એ પરોપકારિણી દેશનાએ મને સર્વ વિરતિ ધર્મની શીતલ છાયા તલે રાખવાને અધિકારી કર્યો છે. હવે જેટલો પ્રમાદ કરૂં, તેટલો મારોજ દોષ છે. એવા પવિત્ર દિવસો કયારે આવશે કે જેમાં સંયમ લઇ પરમાત્મિક સુખની સેવા માટે હું તત્પર રહું. પરસ્પર સ્વાભાવિક વૈર છોડી સાથે રહેલા પ્રાણીઓવાલા પવિત્ર વનમાં ઇર્યાપથિકીથી વિહાર કરતો, હૃદયમાં અર્હતની પ્રતિમાનું ધ્યાન ધરતો અને સર્વ પ્રાણી ઉપર સમાન ભાવ રાખતો પ્રવૃત્તિ કરૂં, એવો સમય મને ક્યારે પ્રાપ્ત થશે ?"

વિમલાએ ધર્મ ભાવનાથી રોમાંચિત થઇ કહ્યું, પૂજ્ય માતા, એવી રીતે તમારા વિવેકી પુત્ર ઘણીવાર એકાંતે ચિંતવતા હતા જેમને માટે તમે પુત્રમોહથી મોહિત થઇ આવો દુર્નિવાર શોક કરો છો, તે તમારા પુત્ર અતરંગવૈરાગ્યમાં મગ્ન થઇ દીક્ષિત થઇ ચુકયા હશે. તેમને તેવા પવિત્ર કાર્યમાં સહાય આપવાને મુનિ વિચારવિજયે પોતાનો મુનિ ધર્મ બજાવ્યો છે. તે મહામુનિએ પણ તેજ સમયે અહિંથી વિહાર કરેલો છે. હવે આ વાર્તાને વિશેષ ચર્ચાવાની જરૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. જે બન્યું, તે યોગ્ય થયું છે. તમારા ધાર્મિક પુત્રે દીક્ષા લઈ આપણા કુલને, આપણા કુટુંબને અને આપણા નગરને ઉજાળ્યા છે. શ્રેષ્ટીની પદવીથી મુનીશ્વરની પદવી અતીવ ઉત્તમ છે. તે બંનેમાં ઘણોજ ભેદછે શ્રેષ્ટી ગમે તેટલો ઉન્નતિમાં આવે પણ સર્વ જગતને વંદનીય એવા મુનિને તે કદિ યોગ્ય થાય નહીં. તમારા વિદ્વાન્ પુત્રે તેના પવિત્ર અને પ્રખ્યાત પિતાથી અધિક ઉન્નતિ મેલવી છે. તમારા પુત્ર પોતાના અને પરના આત્માનો ઉદ્ધાર કરશે, પોતાના ઉપદેશથી ભારતના શ્રાવકોનો મોટા ઉપકાર કરશે. તેવા પુત્ર રત્નને જન્મ આપનારા તમારા જેવા માતાને મહીમંડળમાં ધન્યવાદ મલશે.

વિમલાના આવા બોધક અને વિમલ વચન સાંભળી યતનાનો મહાવેશ શિથિલ થઇ ગયો. પોતાના પુત્રને ભમાવી દીક્ષા આપનાર મુનિ તરફ જે જરા મનોવૃત્તિ ક્ષુભિત થયેલ તે મનોવૃત્તિ બદલાઇ ગઇ. તેણીનો શુદ્ધ શ્રાવિકા ધર્મ સચવાયો. શ્રાવકપણાની શુદ્ધ ભાવના કલુષિત થતી અટકી ગઇ. જો વિમલા તે વખતે ન હોત તો પુત્ર મોહિતા યતના કુવિચાર કરી ઉપાશ્રય પ્રત્યે જાત અને પરમ પવિત્ર મહામુનિ વિમલવિજયને કેલાટએક આવેશના વચન કહી પોતાના શ્રાવિકા ધર્મને જરા દૂષિત કરત, પણ તેના પુણ્યયોગે તે પ્રસંગ આવ્યો નહીં, એ સારૂં થયું.

શેઠાણી યતના અને વિમલા આમ વાર્ત્તાલાપ કરતા હતા તેવામાં અમૃતચંદ્ર શેઠ ઘેર આવ્યા. મહામુનિ વિમલવિજયે આપેલ અનિત્ય ભાવનાની ઉત્તમ દેશનાથી તેનું મન આર્દ્ર થઇ ગયુ હતુ. તેના શરીરના પુદ્ગલો ઉપર ધર્મભાવના સાથે વૈરાગ્ય ભાવના પ્રસરી રહી હોય તેમ દેખાતું હતુ. ચિંતામણી તરફનો તેનો મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહ અસ્તવ્યસ્ત થઇ ગયો હતો તેની નિર્મલ મનોવૃત્તિમાંથી ચિંતામણિનો શોકશંકુ મૂલમાંથી ઉખડી ગયો હતો. શેઠ ઘરમાં આવી યતનાની પાસે આવ્યા. વિમલાના વચનથીપ્રતિબોધ પામેલી યતના શેઠની સમીપ વિનયથી ઉભી રહી પરસ્પર દંપતી ભાવ શાંતિના પ્રવાહમાં તરવા લાગ્યો. ચિંતામણી સબંધી કોઇ તરફથી કાંઈ પણ આલાપ થયો નહીં. પ્રતિબોધના અમૃત સાગરમાં ઉભયનો પુત્ર મોહરૂપ અગ્નિ નિર્વાણ પામી ગયો. પૂર્વ પ્રમાણે ગૃહ ધર્મની પ્રવૃત્તિ શરૂ થઈ. મિથ્યાત્વના મલિન ભાવને પરાસ્ત કરનાર શ્રાવક ધર્મે છેવટે વિજય મેલવ્યો અને કાલક્રમે ચિંતામણિ સંબંધી લોક ચર્ચા પણ વલ્લભિપુરમાંજ ઉપરામ પામી ગઈ. અપૂર્ણ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

( ગત અંક ૪ થાના પૃષ્ટ ૭૮ થી. )

કપટી શ્રાવક બનેલો રૂદ્રદત્ત વર્દ્ધમાનપુરના આબાલ વૃદ્ધ શ્રાવકો ઉપર અપૂર્વ પ્રેમ દર્શાવતો હતો. કેટલાએક જૈન બાલવિદ્યાર્થીઓને નવકાર, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે આવશ્યક ક્રિયાના ગ્રંથો શીખવતો હતો. ઘણીવાર જૈન કન્યાઓને એકઠી કરી બોધ આપતો હતો. દરેક જૈન પર્વમાં ઉપવાસ કરતો અને પ્રાસુક જલનુ સર્વદાપાન કરતો હતો જ્યારે સર્વ શ્રાવકો પૌષધ વ્રત લઇ ઉપાશ્રયમાં બેસતા તે પ્રસગે રૂદ્રદત્ત રસિક રાસ વાંચી સર્વના મન આકર્ષતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા પ્રવર્તનથી આ કપટી શ્રાવકે વર્દ્ધમાનપુરના સમગ્ર સંઘને વશ કરી દીધા હતા. ઘણીવાર આગ્રહથી તેને શ્રાવકો ભોજનનું આમંત્રણ કરતા હતા કોઈવાર પોતે બહુ આગ્રહથી જતો પણ ત્યાં જમવામાં વિકૃતિ ( વીગે ) નો ત્યાગ દર્શાવી પોતાની શુદ્ધ શ્રાવકતાને પુષ્ટિ આપતો હતો. માર્ગમાં પ્રત્યેક શ્રાવક તેને ભાવસાધુસમાન ગણી પગે લાગતા અને તેની આગલ પોતાનો વિનય દર્શાવતા હતા. એક વખતે રૂસભસેન શેઠે તેને ભોજન માટે ઘણા આગ્રહથી નિમંત્રણ કર્યું. પ્રથમતો રૂદ્રદત્તે કપટથી આનાકાની કરી, પણ છેવટે પોતાનો સ્વાર્થ સાધવા તે અંગીકાર કર્યું રૂદ્રદત્ત વિધિથી જિનપૂજા કરી રૂષભસેન શેઠને ઘેર જમવા ગયો. ભોજનગૃહમાં આવી શેઠની સાથે જમવા બેઠો. શેઠાણી વીરમતીની આજ્ઞાથી રૂષિદત્તા તેને પીરસવા આવી પોતાના સાધર્મી બંધુની ભોજનસેવા કરવાને શેઠે વિવિધ જાતની રસવતી તૈયાર કરાવી હતી જુદા જુદા સુવર્ણ અને રૂપાના પાત્રમાં રૂષિદત્તાએ પીરસવા માંડયું. કામી રૂદ્રદત્ત રસવતીના મધુર સ્વાદ કરતાં રૂષભદત્તાનું અનુપમ સૌંદર્ય જોઈ વિશેષ સ્વાદ મેલવતો હતો, કપટ શ્રાવકપણાથી દ્રષ્ટિને સરલ રાખવા જતો તથાપિ એ સુંદર બાલાના અવલોકનમાં ક્ષણવાર ભુલી જતો હતો.

આવીરીતે તે રસવતીનો સ્વાદ લઇ મુખ શુદ્ધિકરી, દ્વિવિધતૃપ્તિ સંપાદન કરી શેઠની આજ્ઞા લઇ ભોજન પીઠ ઉપરથી ઊઠી બાહેર આવ્યો. ઉચિત વેષ ધારણ કરી પોતાને સ્થાને ચાલ્યો, એટલે શેઠ તેને ગ્રહદ્વાર સુધી વલોટાવી પાછા વલી ઘેર આવ્યા, તે વખતે પતિની આજ્ઞા લઇ વીરમતી પોતાની પ્રિય પુત્રી રૂષભદત્તા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજન કરવા બેઠી. ભોજન થઈ રહ્યા પછી વીરમતી શેઠના એકાંત ગૃહમાં આવી. તૃપ્ત થઇ બેઠેલા શેઠે આદરથી બોલાવી પરસ્પર આનંદ વાર્તા કર્યા પછી શેઠે કહ્યું, પ્રિયા, રૂદ્રદત્ત કેવો વિનયી શ્રાવક છે ? તે તમે જોયો. તેનો શ્રાવકાચાર કેવો ઉત્તમછે ? તેની મનોવૃતિ કેવી ધાર્મિક છે ? ધન્ય છે તેવા શ્રાવકરત્નને. વીરમતી આનંદના ઉભરામાં બોલી ઉઠી, સ્વામી, જો આજ્ઞા હોય તો એક નવો વિચાર આપની પાસે દર્શાવુ ? શેઠે કહ્યું, ખુશીથી જે કહેવાનું હોય તે કહે. વીરમતી બોલી પ્રાણેશ, આ રૂદ્રદત્તને જોતાંજ મને વિચાર આવ્યો કે, આપણી રૂષિદત્તાને તેની સાથે પરણાવીએ તો કેવું સારૂં ? રૂષિદત્તાને આવા બીજો ઉત્તમ શ્રાવક પતિ મલવો દુર્લભ છે. જો આપ મારા આ વિચારને સંમતથાઓ તો એ શુભ કાર્ય સંપાદન થાય. વીરમતીના આ વચન સાંભળી રૂષભસેન શેઠ અંતરમાં હર્ષ પામી બોલ્યા, ગૃહેશ્વરી, તમારા વિચારને હું સર્વ રીતે સંમતછુ. આ વિચાર તમારીસાથેજ મારા હૃદયમાં ઊદ્ભવ્યો હતો. કાલે પ્રાતઃકાલે તે વાત રૂદ્રદત્તને જણાવી વાગ્દાન અને કન્યાદાનનો મહોત્સવ સાથેજ કરીએ. જે વિચાર સફલ થતાં કપટીનો વિજય થયો.

## પ્રકરણ ૫ મું.

# નર્મદાનદીમાં જલક્રીડા.

ગ્રીષ્મઋતુનો સમયછે. પ્રચંડ તરણિના તાપથી તપેલા પ્રાણીઓ આસપાસ આવી રહેલા છે. તીરના વૃક્ષોની શિતલ છાયામાં તાપાર્ત્ત પશુપક્ષી વિશ્રાંત થઇ બેઠાછે. જલ પ્રવાહનો વેગ વર્ષા કરતાં શાંતછે તોપણ શુદ્ધ સરિતાની જેમ તદન શાંત નથી. તીર ઉપર જાત્રાલુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર જલમાં સ્નાન કરવા અને જલ ભરવા આવે છે. એક તરફ નાવિકો નાના નાના નાવ લઈ જલક્રીડા કરે છે. બીજી તરફ રજક લોકો વસ્ત્ર ધોતા વિવિધ રાગના ગીત ગાય છે. આ સમયે એક દંપતી નાવમાં બેસી એકાંત આરે ઉતરી જલક્રીડા કરતા હતા. સ્ત્રીનું વય યૌવનથી પરિપૂર્ણ હતું, છતાંગર્ભના ભારથી મંદ લાગતું હતું. પુરૂષ યુવાન ઉત્સાહી અને અનુકૂલ નાયક લાગતો હતો. પ્રિય પ્રિયાને અનેપ્રિયા પ્રિયને એમ પરસ્પર અનુકૂલતા દર્શાવી પ્રેમ રસમાં તેઓ તૃપ્ત થતા હતા. સરિતાના ગર્ભમાં ઉભી રહી ગર્ભિણી બાલા ખોબા ભરી ભરી પતિપર જલ વૃષ્ટિ કરતી હતી. તે શ્રમને લઈ તેના મુખચંદ્ર ઉપર સ્વેદબિંદુ વલતા પણ તે જલ બિંદુ સાથે મલી જતા હતા. પતિ સગર્ભાસુંદરી ઉપર જલધારા રેડતો પણ હૃદયમાં શ્રમની શંકા રાખતો હતો. આ પ્રમાણે નર્મદા નદીના એકાંત આરા ઉપર જળક્રીડા થતી હતી.

વાંચનારને શંકા થઈ હશે કે, એ જલક્રીડા કરનાર દંપતી કોણ હશે ? એ જલક્રીડા કરનાર રૂષભસેન શેઠનો પુત્ર સહદેવ પોતાની પ્રિયા પ્રીતિદાને સાથે લઈ નર્મદાનદીમાં જલક્રીડા કરવા આવ્યો છે. તેની સ્ત્રી પ્રીતિદા શ્રીદત્તશેઠની પુત્રી થાય છે. એ બાલાએ શુભસ્વપ્ને સૂચિત ગર્ભ ધારણ કર્યો છે. ગર્ભના મહિમાથી તેણીને જલક્રીડા કરવાનો દોહદ ઉત્પન્ન થયો હતો, તેથી તેઓ આ નર્મદા નદીમાં જલક્રીડા કરવાને આવેલા છે. પોતાની પ્રિયાને દોહદથી પ્રસન્ન કરવા સહદેવ તેજ સ્થળે નિવાસ કરી રહ્યો. ત્યાં ઉત્તમ પ્રકારે વ્યાપાર કરી તેણે ઘણું ધન સંપાદન કર્યું. સહદેવ શુદ્ધ જૈન ધર્મનો રાગી હતો, તેથી તેણે નર્મદા નામે એક ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગર વસાવી તેમાં મેરૂ પર્વત જેવું ઊંચુ એક જૈન મંદિર બંધાવ્યુ. જેથી વ્યાપાર અર્થે ઘણાં જૈન વ્યાપારીઓ આવી ત્યાં નિવાસ કરવા લાગ્યા. આથી **નર્મદા** એક તીર્થ સ્થલ થઈ પડયું હતું.

જલક્રીડા કરવાથી જેનો દોહદ પૂર્ણ થયો છે એવી પ્રીતિદા પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી. દોહદ પૂર્ણ થવાથી ગર્ભ તેજ વૃદ્ધિ પામવા લાગ્યું. ગર્ભના તેજને લીધે પ્રીતિદા સુવર્ણલતાની જેમ ચલકવા લાગી. તેના મુખચંદ્ર ઉપર દિવ્ય તેજ પ્રકાશવા લાગ્યું. પ્રત્યેક અંગમાંથી કાંતિના કિરણો નીકળવા લાગ્યા. એક વખતે સગર્ભા સુંદરીએ સહદેવને પુછયું, પ્રાણેશ્વર, આપે મારો દોહદ પૂર્ણ કર્યો તેથી હું હર્ષિત થઈ છું, મારી ગર્ભવાસના પરિપૂર્ણ થઈ છે, પણ હવે મને જિજ્ઞાસા ઉત્પન્ન થાયછે કે, આ ગર્ભમાંથી પુત્ર આવશે કે પુત્રી ? સહદેવ સ્મિતવદને બોલ્યો–પ્રીયા, તમારા સ્વપ્ન ઉપરથી પુત્રી રત્નના જન્મની સૂચના થાય છે. મેં સ્વપ્ન શાસ્ત્ર જોયું છે. તમારૂં સ્વપ્ન મહાસતીનો જન્મ સૂચવે છે. તે પુત્રી રત્ન આપણા કુલને પ્રખ્યાત કરશે. ભારતવર્ષની જૈન સતીઓમાં એ પુત્રી એક સતી રત્ન ગણાશે. સ્ત્રીઓના જન્મ સતીપણાથી લોક માન્ય થાય છે. સતી સ્ત્રીઓ તેમના માતપિતાના અને સાસુસસરાના કુલનો ઉદ્ધાર કરી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે.

અપૂર્ણ.

---

# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( અનુસંધાન ગત અંકના પૃષ્ઠ ૮૬ થી )

એક વખતે નિત્યના નિયમ પ્રમાણે સૂરિશ્રી પ્રતિક્રમણની ક્રિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાપ્ત કરી રહ્યા પછી તેમના વિદ્વાન્ શિષ્યોએ એકત્ર થઇ નિર્ણય કર્યો કે, આજે કયા વિષય ઉપર-પ્રશ્ન કરવા ? કુશાગ્ર બુદ્ધિવાલા એક શિષ્યે અંજલિ જોડી જણાવ્યું કે, જો આપ સર્વે સંમતિ આપો તો મારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવેલ છે, જે સાગાર અને નિરાગાર બંનેને ઉપયોગી થઇ પડે તેવું છે. સર્વે સંમતિ આપી એટલે તેણે કહ્યું, આ જગતમાં જીવિત કોનું નામ ? કયા પુરૂષનું ખરેખરૂં જીવિત ગણાય ? કેવુ જીવિત હોય તે જીવિત કહેવાય ? જેનું જીવિત નકામુ હોય તે જીવિતવાલો પુરૂષ તિરસ્કારનું પાત્ર થાયછે માટે ખરેખરૂં જીવિત કયું ? તે આપણે નિર્ણય કરવો જોઇએ. આ પ્રશ્ન ઉપયોગી જાણી સર્વ શિષ્યોએ તેમાં સંમતિ આપી. ક્ષણવારે કોઇ અભ્યાસી શિષ્ય બોલ્યો—મિત્રો, જો અનુમતિ આપો તો મારે એક બીજું પ્રશ્ન કરવાનું છે. મારૂં પ્રશ્ન ઉપયોગી થશે કે નહીં એ મને શંકા છે, તથાપિ જો આપ સર્વની ઇચ્છા હોયતો હું નિવેદન કરૂં ? સર્વે કહેવાની સંમતિ આપી એટલે તે અભ્યાસી શિષ્ય બોલ્યો—જગતમાં કહેવાય છે કે, માણસમાં જડતા હોય છે. તે જડતા શી વસ્તુ છે ? જડતા કોને કહેવાય ? ખરી જડતા કોનુ નામ ? ઇત્યાદિ જડતા વિષે ઘણું જાણવાનુ હશે તો જો આ પ્રશ્ન તમને યોગ્ય લાગે તો આપણે પુછીએ. સર્વ શિષ્યોએ આનંદથી કહ્યું, ભદ્ર, તમે શંકા રાખશો નહીં તમારૂં પ્રશ્ન પુછવા યોગ્ય છે. અને આવા પ્રશ્ન માટે તમને જે બુદ્ધિ ઉદ્ભવી છે, તેને અમે ધન્યવાદ આપીએ છીએ. ત્રીજા કોઈ વિદ્વાન્ શિષ્યે કહ્યું. મારા મનમાં એક પ્રશ્ન થયું છે, તે આપ સર્વે એક ચિત્તે સાંભલો. આ જગતમાં કયો પુરૂષ જાગે છે ? જાગવું એટલે ઉંઘવું નહીં. નેત્ર ઉઘાડા રાખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું સર્વે સમજેછે, પણ ખરી જાગ્રતિ કોનું નામ? તે જાગ્રતિ ક્યાં-સુધી રહેછે? સર્વદા જાગ્રત રહેનાર કયો પુરૂષ કહેવાય? ઇત્યાદિ સર્વ વાત જાણવા જેવીછે તેના પ્રશ્ન વિષે સર્વેએ સાધુકાર આપ્યો. પછી એક ચતુર શિષ્ય બોલી ઉઠયો. ત્યારે મને ઉપરના પ્રશ્નને લગતું એક પ્રશ્ન ઊત્પન્ન થાય છે. જ્યારે કોણ જાગે છે એ પ્રશ્નને અવકાશ છે, ત્યારે નિદ્રા કોને કહેવાય? નેત્ર મીચી જવા તે નિદ્રા એમ સૌ સમજેછે પણ ખરી નિદ્રા કોનું નામ? તે વિષે જાણવું જોઇએ. આ પ્રશ્ન પણ સર્વને ઉચિત લાગ્યો પછી સર્વ મળી તે ચારે પ્રશ્ન કરવાને સૂરિશ્રી પાંસે આવ્યા. તેમણે અંજલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો—" **किं जीवितं** " "ખરૂં જીવિત કયું કહેવાય?" કૃપાલુ મુનીશ્વરે તત્કાળ વિચારીને કહ્યું કે, " **अनवद्यं** " "જેમાં કોઈ દોષ ન લાગે તેવું જીવિત તે ખરેખરૂ જીવિત છે" તે સાંભળી પ્રસન્ન થયેલા શિષ્યોએ બીજો પ્રશ્ન કર્યો—" **किं जाड्यं** " "જડતા એટલે શું"? સુરિશ્રીએ હસતાં હસતાં કહ્યું—" **पाटवेऽप्यनभ्यासः** " "બુદ્ધિનુ ચાતુર્ય છતાં અભ્યાસ ન કરે તે જડતા કહેવાય છે." તે ઉત્તર સાંભળતાંજ શિષ્યો આશ્ચર્ય પામી ગયા. અને હૃદયમાં પરમ આનંદને પ્રાપ્ત થયા. પછી તેમણે ત્રીજો પ્રશ્ન કર્યો— " **को जागर्त्ति** " "કોણ જાગે છે?" આ પ્રશ્નથી પ્રસન્ન થઈ સૂરિશ્રી બોલ્યા—" **विवेकी** " "જે વિવેકી છે તે જાગેછે." તે સાંભળી શિષ્યો પરસ્પર ખુશી બતાવી ચોથા પ્રશ્ન વિષે બોલ્યા—" **का निद्रा** " "નિદ્રા કોનું નામ?" સૂરિશ્રી સત્વર બોલ્યા—' **मूढता जंतोः** ' "પ્રાણીમાં જે મૂઢતા છે તે નિદ્રા કહેવાય છે." પોતાને ઉત્તમ બોધ પ્રાપ્ત કરાવનાર એ પ્રશ્નનો ઉત્તર સાંભળી સર્વ સદ્બોધી શિષ્યોને અંતરંગ આનંદ પ્રાપ્ત થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના ચારે પ્રશ્નો ઉપર વિવેચન કરતાં સૂરિશ્રીએ જણાવ્યું કે, શિષ્યો, આજે તમારા પ્રશ્નો ખરેખરા શિક્ષણીય છે. પ્રથમના પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે, "જેમાં કોઈ જાતનો દોષ ન લાગે તેવું જીવિત ખરેખરૂં જીવિત છે." એ મહા વાક્ય સર્વદા સ્મૃતિ માર્ગમાં રાખવા જેવું છે. આ જગતમાં સર્વ મનુષ્યો જીવે છે અને તેઓ પોતાના જીવિતને જીવિત માને છે પણ જેમનું જીવિત નિર્દોષ છે એટલે જેના જીવિતમાં મિથ્યાત્વાદિ સંસ્કારોના દોષ, અજ્ઞાન, તથા અનીતિના દોષ લાગ્યા હોય, તે જીવિત ધમણના જેવું શ્વાસોચ્છ્વાસ માત્ર છે. જે પુરૂષો સમ્યક્ત્વ ધર્મને માર્ગે ચાલી નીતિ, સદાચાર અને સત્યમય સદવૃત્તવડે પોતાનું જીવિત નિર્ગમન કરે છે, તેઓનુંજ જીવિત નિર્દોષ હોવાથી ખરેખરૂં જીવિત છે. જેઓએ પોતાની વ્યવહાર પ્રવૃત્તિમાં, અપ્રમાણિકતા, કૂડકપટ, છલ, વ્યભિચાર અને અનીતિના કુમાર્ગ સેવ્યાહોય, તેઓનુ જીવિત દૂષિત હોવાથી ધિક્કારને પાત્ર છે. તેવા પુરૂષોથી આ પૃથ્વી અપવિત્ર થાય છે. તેઓ અકુલીન અધર્મી અને કલંકી ગણાય છે. તે એકલું ગૃહસ્થને લાગુ પડતુ નથી. પરંતુ અનગાર થઈ જો તેવું આચરણ કરે તો તે મુનિનું જીવિત પણ ખરેખરૂં નથી. મુનિનું શુદ્ધ ચારિત્ર એજ મુનિનું શુદ્ધ જીવિત છે માટે હે શિષ્યો, તમારે પણ તમારા મુનિજીવિતને નિર્દોષ રાખવા પ્રયત્ન કરવો.

બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "બુદ્ધિચાતુર્ય છતાં અભ્યાસ ન કરે તે જડતા છે." આ ઊત્તર પણ અભ્યાસીઓને સર્વદા મનન કરવા યોગ્ય છે. ઘણાં પુરૂષો બુદ્ધિ તથા ચાતુર્યબલ છતાં અભ્યાસ કરતાં નથી, તે પોતાની ચતુર બુદ્ધિનો ઊપયોગ અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયમાં કરે છે. તેવા પુરૂષોનેજ જડ કહેવા જોઈએ. જે બીચારા જ્ઞાનાવરણીય કર્મના દોષથી મંદ બુદ્ધિવાલા હોય, તેઓ કદિ બુદ્ધિની મંદતાને લીધે અભ્યાસ કરી શકે નહીં, તેઓ ખરેખરા જડ નથી પણ જડ તો બુદ્ધિમાન્ છતાં પ્રમાદ દોષથી અભ્યાસ કરે નહીં તે છે. અને તેનુંજ નામ જડતા છે. વત્સો, તમારે એ વાત ધ્યાનમાં રાખવાની છે. તમારી બુદ્ધિની ચતુરતા કે જે હું આ તમારા પ્રશ્નો ઉપરથી જાણી શકયો છું, તે ચતુરતાનો ઊપયોગ તમે અભ્યાસથી કરજો; જો કે, તમે તેમ કરો છો, તથાપિ મારે તમને એક ગુરૂ તરીકે કહેવું જોઇએ, અને તમારી મનોવૃત્તિમાં તેવા ઉપયોગી બોધનું પુનઃ પુનઃ સ્મરણ કરાવવું જોઇએ.

ત્રીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, " જે વિવેકી છે તે જાગે છે. " આ વિષે ઘણું ગંભીર રીતે જાણવાનું છે. જે હિત, અહિત, કાર્ય, અકાર્ય, ધર્મ, અધર્મ, દેવ. કુદેવ, ગુરૂ, કુગુરૂ, અને તત્વ, અતત્વ સમજે તે વિવેકી કહેવાય છે તેવો પુરૂષ કદિ મિથ્યાત્વીના સંસર્ગમાં આવે તથાપિ વિવેકના બલથી તેના મનને મિથ્યાત્વ સ્પર્શી કરી શકતું નથી. તેથીજ તે વિવેકી પુરૂષ સદા જાગતો છે. તેનામાં દ્રવ્યનિદ્રા આવે પણ ભાવથી નિદ્રા કે પ્રમાદ આવી શકતા નથી, તેવો જાગ્રત પુરૂષ ખરેખર પ્રશંસનીય છે. અને દરેક ગૃહસ્થ અને મુનિએ વિવેકી થઇ સર્વદા જાગ્રત રહેવું જોઈએ.

ચોથા પ્રશ્નના ઉત્તમાં કહ્યું કે, " પ્રાણીમાં જે મૂઢતા છે તેજ ખરેખરી નિદ્રા છે " આ વાકયનો ભાવાર્થ તમારા હૃદયમાં સ્હેજ પણે આવી શકે તેમ છે, માટે તે વિષે વિશેષ વિવેચન નહીં કરતાં ટુંકામાં કહેવાનું કે જે દ્રવ્ય નિદ્રા છે તે અમુક સમયે દૂર થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાયછે અને મૂઢતા એ મહાનિદ્રા સદાકાલ રહી મનુષ્યને જ્ઞાનચૈતન્યથી રહિત કરી અજ્ઞાન અંધકારમય ઘોર નિશામાં બેશુદ્ધ પણે રાખે છે તેથી એ મુઢતારૂપ નિદ્રાનો સર્વથા ત્યાગ કરવો.

આ પ્રમાણે ચાર પ્રશ્નોના ઊત્તર વિષે વિવેચન થઇ રહ્યા પછી પરમ આલ્હાદને પ્રાપ્ત થયેલા સદ્ગુણી શિષ્યોએ ગુરૂને ભાવપૂર્વક વંદના કરી તે સદ્બોધક ગાથાને પોતાની રસનાના અગ્રાસન ઊપર બેસાડી દીધી.

किं जीवित मनवद्यं किं जाड्यं पाटवेऽप्य नभ्यासः ।
को जागर्त्ति विवेकी का निद्रा मूढता जंतोः ॥ ११ ॥

શિષ્ય—ખરૂં જીવિત કયું ?

ગુરૂ—જે નિર્દોષ હોય તે.

શિષ્ય—જડતા કોનું નામ ?

ગુરૂ—બુદ્ધિ-ચાતુર્ય છતાં અભ્યાસ ન કરે તે.

શિષ્ય—કોણ જાગે છે.

ગુરૂ—જે વિવેકી છે તે.

શિષ્ય—ખરી નિદ્રા કઇ ?

ગુરૂ—પ્રાણીમાં જે મુઢતા છે તે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનો જાગૃત થાઓ.

અસ્ત અને ઉદયનું ચક્ર અવશ્ય એક પછી એક થયા કરે છે. તેવીજ રીતે આ સમષ્ટિ વિશ્વના માનવ મંડલની દશા સદૈવ ચઢતી ઉતરતી રહે છે. દૈવ–કર્મની ગતિના નિયમ પ્રમાણે કોઈ ધર્મની પ્રજા મોટી પ્રબલ હોય તે નિર્બલ થઇ જાય છે અને બીજી બલહીન હોય તે પ્રબલ થઇ જાય છે. કોઇ કોઈ સ્થાને એવું જોવામાં આવે કે એકએ પ્રજા અત્યંત દૂર્દશા પ્રાપ્ત કરી પાછી એવી ઉન્નતિ પામે છે કે, જાણે રક્ષામાંથી અગ્નિ પ્રજ્વલિત થયો હોય! ત્યારે જૈન પ્રજાને અત્યારે કઇ સ્થિતિમાં ગણવી જોઈએ ? બીજાનો ગમેતે મત હોય પણ અમે તો માનીએ છીએ કે જૈન પ્રજા પોતાના પ્રમાદ, કુસંપ, અને અજ્ઞતા વિગેરે અવગુણોથી આજ સુધીમાં અધમ સ્થિતિએ પહોંચી તદન પાયમાલ થઇ હોત, પણ પોતાના સનાતન અહિંસા ધર્મના પ્રભાવથીજ ટકી રહેલી છે. જે સમયે ગુજરાતના રાજાઓનો જૈન ધર્મ રાજ ધર્મ ગણાતો હતો, તે સમય પછી એ પ્રજાપર ધર્મની હજારો આપત્તિઓ ધૈર્યતાથી ખમી કાયમ રહી છે અને ફરી પોતાનું પૂર્વબલ પ્રાપ્ત કરી લેવાનો હવે તેને સમય આવ્યો છે. જૈનના સંતાનોને હવે સર્વ જાતની સુંદર શિક્ષા લેવાનો સમય મલ્યો છે. એક તરફ શ્વેતાંબરી યતિઓ (ગોરજી) નું બળ નાબુદ થવાથી અને સંવેગી મુનિ મહારાજોના ઉપદેશનું પ્રબલ વધવાથી જૈનોને સ્વધર્મમાં વિશેષ જાગ્રતી ઉત્પન્ન થઈ છે. એક તરફ ઇંગ્રેજી રાજ્યના પ્રતાપ નીચે સ્થપાએલી મહા પાઠશાલાઓમાંથી જૈન યુવાનો ઊંચી કેળવણી લઇ આગળ પડતા જાય છે. એક તરફ ભારતવર્ષની એકાગ્રતા કરનાર જૈન કોન્ફરન્સ જુદે જુદે સ્થલે એકત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ નવ નવા સુધારા સ્થાપિત કરે છે. એક તરફ ઉત્તમ વિદ્વત્તા-વાળા લેખથી અલંકૃત પુસ્તકો, વર્ત્તમાન પત્રો અને માસિક પત્રો પ્રગટ થવા લાગ્યા છે. એક તરફ પ્રત્યેક ઉત્તમ સ્થલે જૈનશાળાઓ અને જૈન કન્યાશાલાઓની સ્થાપના થવા લાગી છે. આ બધા જૈનોની ઉન્નતિના સુચિન્હ છે. આવા યુગપરિવર્ત્તનના સમયમાં જૈનોને હવે વિશેષ સાવચેતીથી વર્ત્તવાની જરૂર છે. પોતાની ઉન્નતિના માર્ગ જે તેમને સ્વતઃ પ્રાપ્ત થયા છે, તેનો મહાન્ લાભ મેલવવા પ્રમાદ રહિત થઇ તત્પર રહેવાની જરૂર છે. જગતની સર્વ પ્રજાના જાણવામાં આવ્યું છે કે, ભારતવર્ષની ધર્મ ભાવનાઓમાં જૈનોની પણ ધર્મ ભાવના ચડીઆતી અને પ્રાચીન છે. આજ સુધી કોઈ એવા વિશ્વાસનિય પ્રમાણોથી સિદ્ધ નથી થઇ શક્યું કે, જૈનોની ધર્મ ભાવના અતિશયોક્તિવાલી છે. વર્ત્તમાન સમયની અગાડી પશ્ચિમના વિદ્વાનોએ જૈન ધર્મ માટે જે કલ્પના બાંધી હતી, તે તદ્દન ભુલવાલી ઠરી છે. તેઓને પણ પોતાના વિચાર પછીના કાલમાં ફેરવવા પડયા છે. હવે આથી સ્પષ્ટ જણાય છે કે, હજારો વર્ષો પેહેલા ભારતના જૈનો વિદ્વાન્, ગુણી, બુદ્ધિમાન્, સર્વ ગુણ સંપન્ન અને કલા કૌશલ્યતામાં ભરપૂર હતા. તે સાથે પોતે ગુણજ્ઞ, ધાર્મિક, સુંદર આચાર વ્યવહારથી સભામાં સર્વથી ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શક્તા હતા અને નીચ કર્મોથી પતિત અને ભ્રષ્ટ થઇ જતા ન હતા.

તે વખતમાં તેઓ કેવલજ્ઞાની, તત્વદર્શી કે વિદ્વાન્ એકલાજ ન હતા, પણ મોટા વૈયાકરણી, વૈદ્ય, સંગીત વિદ્યાના ગુરૂ, કવિઓ, જ્યોતિષિઓ, રાજ્ય પ્રબંધ કર્ત્તા, શૂરવીર, શિલ્પજ્ઞ, વ્યાપારી અને ઉત્તમ કારીગરો હતા. તે સમયે જિંદગીની જરૂરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાતનાજ સાધનો હતા; એટલુંજ નહીં પણ આજની સુધરેલી પ્રજાની મોજ, શોખ, અને આનંદના સાધનો પણ સાધારણ હતા. તથાપિ વર્તમાન કે પ્રાચીન એ સમયમાંથી કોઇ પણ સમયની કોઈ પણ પ્રજા ભારતવર્ષના વસતા જૈનોની જેમ સાત્વિક બુદ્ધિથી અંતરંગ શત્રુઓનો જય કરી ધર્મ ભાવનામાં આગલ વધી નથી, એમ કહેવું એ અતિ શયોક્તિ ભરેલું નથી.

વર્તમાન કાલના વસતા જૈનો તેઓનાજ સંતાન છે, પરંતુ અત્યારે પૂર્વની સાથે સરખાવતાં અધમ સ્થિતિ ભોગવે છે. અફ્-શોષ !! કાલની વિકરાલ ઘંટીના ચક્રમાં તેઓ દલાઈ ગયા અને સ્વપ્ન જેવું થઈ ગયું. તે છતાં હાલને પ્રભાવે કાંઈક જાગૃતિનો સમય આવ્યો છે. જૈનોએ હવે જાગ્રત થઈ પોતાની પૂર્વ સ્થિતિનું ભાન લાવવું જોઇએ. તેમની નિર્મલ દૃષ્ટિની આગળ ઉન્નતિના માર્ગ ખડા થતા જાય છે. જે અધમગુણોએ તેમને અવનતિનો કડવો સ્વાદ ચખાડયો છે. તે અવગુણોનો હવે તદ્દન ત્યાગ કરવો જોઇએ. તે અવગુણો એવા ખરાબ છે કે, જેઓને તાબે રહેવાથી તત્કાલ પાછી અવનતિજ પ્રાપ્ત થવાની.

પોતાના સાધર્મી બંધુઓ નિરાધાર થઇ દારિદ્રના મહા દુઃખથી પીડાય છે. પ્રાચીન સમયની ઐકયતાને બદલે ચોતરફ ફાટફુટ ફેલાઈ રહી છે. એક શેઠીયાથી બીજો શેઠીઓ ઈર્ષ્યા ભાવે વર્ત્તે છે. તે ઈર્ષ્યાને લીધે સ્થાનિક સંઘમાં સુધારો થઈ શકતો નથી. સાર્વજનિક ટીપ કરતી વખતે લુબ્ધ અગ્રેસરનું નામ પ્રથમ રાખવાના કુનિયમથી સખીદિલના ગ્રહસ્થોની ઉદારતા અટકી પડે છે. અને તેથી સાર્વાજનિક કાર્યની અલ્પ રકમ થવાથી હાનિ થાયછે. દુરાગ્રહનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધે દેરાશરોનો વહિવટ ઘોર અંધકારમાં પડવાથી દેવ દ્રવ્યનો દુરૂપયોગ અને વિચ્છેદ થઇ જાય છે. દેશવિરતિ પ્રધાન શ્રાવક વર્ગમાં તેમ થાય તે કરતાં વિશેષ અફશોષ કરવા જેવું એ છે કે જૈનમુનિઓ કે જેઓના સર્વ આધારને લઈ ધાર્મિક ઊન્નતિ થઇ શકે તેમ છે, તેઓમાંથી પણ ઐકયતા દૂર થતી જાય છે. સંઘાડાને લઈ ભેદાભેદ પ્રબળતાથી પ્રસરી રહયો છે. એક સમય એવો હતો કે ઐકયતાના મહાસૂત્રમાં ગુંથાએલી જૈનપ્રજા કોઇ સાધર્મી ભ્રાતાને કે સાધુને કષ્ટની વાર્તા સાંભળતાં કે તરત તેને સહાય આપવાને સજ્જ થતી, અને કોઈના મહોદયની વાર્તા સાંભળતાં કે સત્વર તેમના હૃદયો ઉમંગથી ઊભરી આવતાં હતાં, અને સર્વના મુખ ચંદ્ર ઉપર હર્ષાંકુર પ્રગટ થતા હતા. હમણાં તો સ્વાર્થ તત્પરતાના સાધનોએ એ જૈનોના દિવ્ય ગુણોને વિસારી મુકયા છે.

જૈન બંધુઓ, હવે પ્રમાદની ઘોર નિદ્રામાંથી જાગ્રત થાઓ. ઊન્નતિના શિખર ઊપર ચડવા તૈયાર થાઓ. તમને કોન્ફરન્સ રૂપ મજબૂત સોપાન શ્રેણી પ્રાપ્ત થઈ છે. તમારા ચરણવડે અવનતિ કરનારા અવગુણોને દબાવી ચાલતાં એ સોપાનશ્રેણી તમને ઉન્નતિના શિખર ઉપર લઇ જશે. જ્યાં પહોંચતાંજ તમે નીચેનું મહાવાકયની દિવ્ય વર્ણમાળા વાંચી ઊભય લોકને કૃતાર્થ કરશો.

" प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम् । "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વૃત્તાંત સંગ્રહ.

શ્રીમાન્ મહોપકારી મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ પાલીતાણામાં શ્રી જૈન શાસનનો વિજય કરાવી તળાજામાં યાત્રાનિમિતે પધારેલ તે વખતે ત્યાંના મુખ્ય શેઠ ગુંઝાભાઇ ભીખાભાઇએ ત્રણ શુભકાર્ય વિષે વિનંતિ કરેલી હતી–એક થોડા વર્ષ ઉપર તલાજાની નજીક આવેલા સાખડાસર ગામની સીમમાંથી પ્રગટ થયેલ શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરવા બાબત, બીજી તલાજામાં જૈન પાઠશાળાની સ્થાપના કરવા બાબત અને ત્રીજી તાલધ્વજના શિખર ઉપર સુમતિનાથ મહારાજના ચૈત્યની ફરતી જે દેરીઓ છે, તેમાં પ્રતિમાજી પધરાવવા બાબત. આ ત્રણ શુભ કાર્ય સંપાદન કરવાની વિનંતી ધ્યાનમાં લઈ તે કૃપાળુ મહા મુનિએ આજ્ઞા કરી કે, ત્રીજી કોન્ફરન્સના પ્રમુખ બાબુ સાહેબ બુધસિંહજી પાલીતાણે પધારે તે પ્રસંગે તેમને વિનંતી કરવી, ઉપકારી મુનિની આજ્ઞા પ્રમાણે તેમ કરતાં એ ઉદાર શિરોમણિ બાબુ સાહેબ મોટા આડંબરથી ગયા માગશર વદી ૩ ને રોજ તલાજે પધાર્યા હતા, તેમનો મોટા આડંબરથી પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો. બીજે દિવસે એટલે માગશર વદી ૪ને દિવસે પન્યાસજી શ્રી કમલવિજયજી તથા મુનિ મોહનવિજય વિગેરેની સમક્ષ જૈન-પાઠશાલાનું સ્થાપન કરવામાં આવ્યુ, જે પ્રસંગે નવકારસી, જિન-પૂજાઅને પ્રભાવના કરી એ માનવંતા બાબુ સાહેબે તાલધ્વજના તીર્થમાં પોતાના માતુશ્રીનું નામ અવિચલ કરી જૈન શાસનની ઉજવલકીર્ત્તિ સદાને માટે પ્રકાશિત કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કરસાલા ગામમાં એક સુંદર દેરાશર તૈયાર કરાવેલુ છે, તેમાં આવતા માહા વદી ૬ શુક્રવારે શ્રી મૂલનાયકજી શ્રીવાસુપૂજ્ય પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા ઉત્સવ મોટા સાથે થવાની છે. તે પ્રસંગે સર્વ શ્રદ્ધાલુ શ્રાવકોને પધારવાને ત્યાંના સંઘ તરફથી સવિનય પ્રાર્થના કરવામાં આવે છે.

જૈનમત સમિક્ષાના કેશમાં જૈનોની ફતેહ જણાવતાં અતી હર્ષ થાય છે કે—વકીલ પ્યારીલાલે દિર્ઘ કાળ સુધી સતત્ ઉદ્યોગથી આ કેશમાં મચી રહી જૈન ધર્મના વર્તમાન કાળના કટ્ટા પ્રતિસ્પર્ધિઓને પરાસ્ત કરેલા છે આર્ય સમાજીઓએ જૈનમત સમિક્ષા ગ્રંથપ્રસિદ્ધ કર્યા પછી એક સંપ અને એક દિલીથી મજકુર કેશમાં જે લડત ચલાવી છે તે લડતની સામાં આપણા બને ભાઇઓએ એટલાજ બળથી લડત ચલાવવામાં બહાદુર પ્યારીલાલ ભાઈને સંપૂર્ણ મદદ આપી હોતતો જે માત્ર દંડની શીક્ષાને પાત્ર થવા પામ્યા છે તેના કરતાં પણ વિશેષ શીક્ષાને પાત્ર થાત. સી પ્યારીલાલ અપરિમીત શ્રમ લઇ જૈનધર્મની જે સેવા બજાવી છે તેને માટે અખીલ ભારતવર્ષનો જૈન સમુદાય તેનો આભારી છે અને સમગ્ર હર્ષના નાદથી બહુમાન પુરઃસર તેમને ધન્યવાદ આપવાને માટે ઊત્સુક થશે એવી અમારી સકળ સંઘ પ્રત્યે નમૃતા પૂર્વક પ્રાર્થના છે. કેટલાક શહેરના સંઘનાં તરફથી તેઓને ધન્યવાદ સુચક મુબારકબાદીના પત્રો મોકલવામાં આવ્યા છે; તેવીજ રીતે જજે શેહેરના તથા ગામોના સંઘની તરફથી મોકલવામાં ઢીલ થઇ હોય તેમણે આ બાબતમાં પોતાની ઢીલ સુસ્તતા દુર કરવાની જરૂર છે.

For Private And Personal Use Only